

# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા સંસ્કાર મિલન, વલસાડ અને લાયન્સ ક્લબ ઑફ બલસારના સંયુક્ત ઉપક્રમે ઉશનસ્ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રા. સંધ્યા ભટ્ટે ‘સદ્માતાનો ખાંચો અને...’ વિષય પર વક્તવ્ય તા. ૨૬-૨-૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે લાયન્સ હૉલ, જવાહરનગર સોસાયટી, વલસાડમાં આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી-લેક્સિકૉનના સંયુક્ત ઉપક્રમે શતાબ્દી વંદના અંતર્ગત તા. ૨૨-૨-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦થી ૮.૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદમાં એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી હેમાંગી શુક્લએ સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક ભૂમિકા બાંધી આપી હતી અને શ્રી રઈશ મણિયારે ‘શતાબ્દીવંદના–મરીઝ’ વિશે વક્તવ્ય આપ્યું હતું. અને સર્વશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, રઈશ મણિયાર, ભાવેશ ભટ્ટ અને અનિલ ચાવડાએ મુશાયરામાં કાવ્યપાઠ કર્યો હતો.

પાક્ષિકી અંતર્ગત તા. ૨૭-૧-૨૦૧૭ના રોજ શ્રી મેઘા ત્રિવેદીએ ચરિત્રનિબંધ ‘પ્રિયદર્શની’નું પઠન કર્યું હતું. પઠન પછીની ચર્ચામાં એ બાબત વિશેષ રહી કે ચરિત્રનિબંધમાં કઈ બાબતો મહત્ત્વની છે ? રમેશ ર. દવેએ જણાવ્યું કે અહીં નિબંધની સ્વરૂપગત લાક્ષણિકતાઓ વિશે વાત કરી હતી. નિબંધની શૈલી તેમજ ઘટના-પ્રસંગો સંદર્ભે સૂચનો થયાં હતાં.

પાક્ષિકી અંતર્ગત તા. ૨-૨-૨૦૧૭ના રોજ શ્રી દીના પંડ્યાએ ‘એન્ટિક પીસ’ વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તા પોતાના અસ્તિત્વની કટોકટી અનુભવતા વૃદ્ધની હતી. જે પોતાને મનુષ્યને બદલે રાખ અનુભવે છે. વાર્તાનો વિષય બધાને પસંદ પડ્યો હતો. વાર્તામાં ડૉક્ટર અને દર્દી વચ્ચે સંવાદ થાય છે. ક્યારેક એવું લાગે છે કે ડૉક્ટર દર્દી છે અને દર્દી ડૉક્ટર છે. બંને ભૂતકાળની ઘટનાનું આલેખન વાર્તાને ઉપયોગી બન્યું હતું. વાર્તાને વધુ રસપ્રદ બનાવવા સૂચનો થયાં હતાં.

પાક્ષિકી અંતર્ગત તા. ૧૭-૨-૨૦૧૭ના રોજ શ્રી રાજેશ અંતાણીએ ‘સાંજનું અંધારું’ વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તા શશાંકભાઈના જૂના ઘર અને મૃત પત્ની શોભના સાથેના લગાવની હતી. પુત્ર નવા ઘરે રહેવા જાય છે. પોતે ભૂતકાળની યાદો સાથે જૂના ઘરમાં રહેવાનું પસંદ કરે છે. બગીચામાં મિત્રમંડળીમાં બેઠા છે છતાં મન બેચેની

અનુભવે છે. તેથી તે મંડળી છોડી ઘેર જાય છે. ભૂલથી ચાલુ રહી ગયેલો પંખો બંધ કરે છે. કપડાં અસ્તવ્યસ્ત પડ્યાં છે. એમ લાગે છે કે એકલતાથી તે કંટાળી ગયા છે. ભૂતકાળની યાદોમાં જીવવું એ સાચો ઉકેલ નથી અને તે પુત્રને ફોન જોડે છે. વાર્તાનું કથાવસ્તુ રસપ્રદ હતું. શોભનાના ચહેરા પર પડતો સૂર્યનો તડકો પ્રભાવશાળી હતો. વાર્તાને ઉપયોગી કેટલાંક સૂચનો થયાં હતાં.

ગુજરાત વિશ્વકોશ અંતર્ગત તા. ૧૮-૧-૨૦૧૭ના રોજ શ્રી જયંતિ રવિએ 'શિક્ષણ અને વિકાસની નવી ક્ષિતિજો' વિશે વ્યાખ્યાન વિશ્વકોશમાં આપ્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રણેતા પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં તા. ૨૪-૧-૨૦૧૭ના રોજ વિશ્વકોશભવનમાં શ્રી જય વસાવડાએ 'જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો' વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ડૉ. કુમારપાળ દેસાઈએ ડૉ. ધીરુભાઈ ઠાકરના જીવન અને કાર્યને અંજલિ આપી હતી અને અંતમાં શ્રી દલપત પઢિયારે સ્વરચિત કવિતાઓ અને સંતવાણીનાં ભજનોની પ્રસ્તુતિ કરી હતી.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને અતુલ દેસાઈ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૧-૨૦૧૭ના રોજ વિશ્વકોશમાં શ્રી હેમંત ચૌહાણ અને એમનાં દીકરી ગીતાબહેન ચૌહાણની ભજનપ્રસ્તુતિનો સુંદર કાર્યક્રમ થયો હતો.

ભાવનગર ગદ્યસભાના પચીસ વર્ષની ઉજાણી રૂપે ગદ્યસભાના પચીસમાં સ્થાપના દિને ઉજાણીનો અંતિમ શિરમોર કાર્યક્રમ તા. ૯-૨-૨૦૧૭ને ગુરુવારના રોજ શામળદાસ કૉલેજના વિવેકાનંદ સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. આ નિમિત્તે 'ચમારના બોલે' વાર્તાનું પઠન શ્રી ભરત મહેતાએ કર્યું હતું. અને શ્રી કલ્પેશ વ્યાસ અને તેમના 'ટીમવર્ક' દ્વારા આ જ વાર્તાનું અને 'મામેરું'નું મંચન કર્યું હતું. 'લોહીની સગાઈ' વાર્તાનું પઠન શ્રી મહેશ ચંપકલાલે કર્યું હતું. અને નાટ્યમંચન શ્રી શક્તિસિંહ પરમાર અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું.

તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ શ્રી નીલા ત્રિવેદીએ કરેલા શ્રી ચંદ્રકાન્ત દેવતાલેનાં હિન્દી કાવ્યોનો અનુવાદ 'કબૂલાતનામું' કાવ્યસંગ્રહનું વિમોચન ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદમાં શ્રી ધીરુભાઈ પરીખના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી પારસ હેમાણીના દ્વિતીય કાવ્યસંગ્રહ 'આપણી વાત'નું વિમોચન કવિના નિવાસસ્થાને રાજકોટમાં તા. ૧૯-૧-૨૦૧૭ને ગુરુવારે રાત્રે ૯.૦૦ કલાકે મેયરશ્રી જૈમનભાઈ ઉપાધ્યાય તથા નરેન્દ્રભાઈ જીબાના અને પરિવારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

તા. ૩૦-૧-૨૦૧૭ના રોજ મહારાજ કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

સંચાલિત શામળદાસ આર્ટ્સ કૉલેજમાં સ્વ. શ્રી સી. ડી. નાયક, શ્રી દિનકર જોશી, અને સ્વ. શ્રી સનત મહેતા વ્યાખ્યાન શ્રેણી તથા શામળદાસ કૉલેજના સંયુક્ત ઉપક્રમે 'જ્ઞાનસત્ર' તથા ડૉ. વિશ્વનાથ પટેલ સંપાદિત 'આધુનિકોત્તર ગુજરાતી ટૂંકીવાર્તા' પુસ્તકનો વિમોચન-કાર્યક્રમ યોજાયો હતો.

ભારત સરકાર સંચાલિત પશ્ચિમ ક્ષેત્રિય ભાષાસંસ્થાન – પૂનાના સહયોગથી કચ્છી બોલીનું દસ્તાવેજીકરણનો વર્કશોપ તા. ૨-૨-૨૦૧૭થી ૮-૨-૨૦૧૭ દરમિયાન કચ્છ વિભાગના જુદા જુદા જિલ્લાઓમાં યોજાઈ ગયો.

**ભૂલ-સુધાર**

ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ક. લા. સ્વાધ્યાય મંદિરના ઉપક્રમે તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ આપેલ વ્યાખ્યાનના અહેવાલમાં સમજફેરને કારણે કેટલીક ભૂલ થઈ છે. તે સુધારીને વાંચવી.

૧. શ્રી રૂપાણી બર્કએ 'મુક્તિવૃત્તાંત' વિશેના વક્તવ્યમાં કહ્યું હતું કે આત્મકથા-સાહિત્ય એ સર્જનાત્મક સાહિત્ય કરતાં થોડું ઊતરતી કક્ષાનું સાહિત્ય છે. આને બદલે નીચે મુજબ વાંચવું :

આત્મકથા-સાહિત્ય એ સર્જનાત્મક સાહિત્ય કરતાં જુદું છે કારણ કે એમાં વાસ્તવનું નિરૂપણ છે.

૨. આંતરિક અને બાહ્યકથનના સંવાદની વાત પણ કરી હતી. આને બદલે નીચે મુજબ વાંચવું :

નાટકમાં વપરાતા 'ઇન્ટિરીયર મોનોલોગ'ની જેમ આંતર અને બાહ્ય 'સેલ્ફ' વચ્ચેનો સંવાદ પ્રસ્તુત કર્યો છે.

૩. 'મુક્તવૃત્તાંત' કબૂલાત જેટલું ગંભીર પણ નથી અને કાલ્પનિક સાહિત્ય જેટલું ઊંચું પણ નથી તેથી એ બે સ્તંભોની વચ્ચે આવે એવી એક કૃતિ છે. આને બદલે નીચે મુજબ વાંચવું :

'મુક્તવૃત્તાંત'માં દાવો છે એ સિદ્ધ થતો નથી. એક તરફ 'આત્મખોજ' કક્ષાની તો બીજી તરફ તરત 'સેલ્ફી' કક્ષાની આત્મકથાઓના બે બિંદુઓ વચ્ચે સ્થાન પામે એવી આ આત્મકથા છે.

□

'પરબ' જાન્યુઆરી ૨૦૧૭ માસના અંકમાં પાના નં. ૫૨ પર તેલુગુ સર્જક વીરેસલિંગમનો સમયગાળો : ૧૮૮૮-૧૯૧૯ને બદલે ૧૮૪૮-૧૯૧૯ તેમજ એમની નવલકથાનું પ્રકાશન વર્ષ ૧૮૨૮ને બદલે ૧૮૭૮ વાંચવું.